જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૮/૨૦૧૫ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૫૮૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૩૬૫ લીટર દેશી દારૂ, ૨૫૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૯ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૮,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૫૮૨/૧૫**

**ક્રાઇમબ્રાન્ચ :** અનિરુધ્ધભાઇ કનૈયાલાલ જોષી (રહે.સુરસાગર ટાવર, કલાસાગર મોલ સામે, સતાધાર ઘાટ્લોડીયા) એ તા.૫/૮/૧૫ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે માર્ચ -૨૦૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પોતાની ૪૦૧, સીમંધર કોમ્પ્લેક્ષ ઇન્કમટેક્ષ ખાતે શેર ઇન્ડીયા ઇનપુટ નામની ઓફિસે શેરબજારનું કામ શિખવા આવતો આરોપી વસીમરાજા સફીકઅહેમદ શેખ (રહે.સૈયદ પ્લાઝા, શક્તિ સોસાયટી, દાણીલીંમડા) એ ફિલ્મ હસ્તીઓ સાથેના ફોટા બતાવી તેમજ “બોલીવુડમાં પોતે કામ કરૂ છું” તેમ જણાવી કેમેરામેન તરીકે કામ કરવું હોય અને ફિલ્મ ઇન્ડ.એસો.નું કાર્ડ જોઇતુ હોય તો કાર્ડ બનાવવા માટે દોઢ લાખ રુપીયા ભરવા પડશે તેમ કહી, અનિરૂધ્ધભાઇને વિશ્વાસમા લઇ ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧૩,૧૦,૦૦૦/- મેળવી લઇ અનિરૂધ્ધભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.જાડેજા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૫૮૩/૧૫**

**ઇસનપુર :** રૂષલભાઇ વિધુતભાઇ શાહ (રહે.ઇલાઇટ રેસીડેન્સી, પંચવટી લાઇન નંબર-૨, ગુલબાઇ ટેકરા, એલીસબ્રીજ) એ તા.૫/૮/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૭/૧૫ સાંજનાં ૬/૩૦ થી તા.૨૪/૭/૧૫ સવારનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન આનંદવાડી પાસે આવેલ કેલોરેક્ષપી સ્કુલની ઓફીસમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઓફીસમાંથી સોની કંપનીનો કેમેરો કિંમત રૂપિયા ૫,૦૦૦/-, રાઉટર કિંમત રૂપિયા ૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૭૮૦/- મળી કુલ રૂપિયા ૪૪,૭૮૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૫૮૪/૧૫**

**નરોડા :** યશકુમાર ગોપાલકિશન શર્મા (રહે.સનવિલા બંગ્લોઝ, જુના ઓકટ્રોય નાકા પાસે, નાના ચિલોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૮/૧૫ સવારનાં ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે કામ કરતો આરોપી મનિષભાઇ ભાનુપ્રસાદ ભદોરીયા (રહે.અનિલવકીલ ની ચાલી, સૈજપુર બોઘા) ઘર નજીકથી પોતાની હોન્ડા સીટી કાર નંબર જીજે.૧.બી.એફ.૨ કિંમત રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- ચોરી કરી પલાયન થઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૫/૧૫**

**રામોલ :** હીનાબહેન ચિરાગભાઇ વ્યાસ (ઉ.વ.૨૩)(રહે.શ્રીશરણ સોસાયટી, આર.એ.એફ.કેમ્પની સામે, દેવનંદન સુપ્રીમ્સની સામે, વસ્ત્રાલ) તા.૪/૮/૧૫ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૩ થી ૨૫ વર્ષના આશરાનાં) હીનાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હીનાબહેન વ્યાસે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.દેસાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૬/૧૫**

**વટવા :** જીતેન્દ્રભાઇ છગનભાઇ સેજુ (ઉ.વ.૫૮)(રહે.આશાદીપ સોસાયટી, લાલબંગલા પાસે, સી.ટી.એમ. હાટકેશ્વર રોડ) એ તા.૪/૮/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૭/૧૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે જીતેન્દ્રભાઇનાં ભાઇ સુરેશભાઇ ભમ્મરીયા કુવા, લાંભા વળાંક નજીકથી ઓટોરીક્ષા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન પેટલાદ-અમદાવાદની એસ.ટી.બસનાં ચાલકે, બસ પુરઝડપે અને બેદકારીથી ચલાવી લાવી, ઓટોરીક્ષાને ટક્કર મારતાં, સુરેશભાઈને ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને વા.સા. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૪/૮/૧૫ બપોરના ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૭/૧૫**

**રિવરફ્રન્ટ (વેસ્ટ) : (૧)** મુનાફ ગુલામરસુલ શેખ (ઉ.વ.૨૬)(રહે.ફરીદી એપાર્ટમેન્ટ, મુસ્લીમ સોસાયટી, નવરંગપુરા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૦૫/૦૮/૧૫ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે વેકવે ઘાટ નં.૩, રીવરફ્રન્ટ (પશ્ચીમ) કિનારે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઇ અરજણભાઇ ચલાવે છે.

**(૨)** શંકરભાઇ સેંધાભાઇ વાઘેલા (ઉ.વ.૪૫)(રહે.જવનીકાપાર્ક સોસાયટી, શાહપુર દરવાજા બહાર, શાહપુર) એ કોઇ કારણોસર તા.૦૫/૦૮/૧૫ સાંજના ૬/૫૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે (પશ્ચીમ) કિનારે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)